सत्यमेव जयते

**પલસાણાના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે.આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૨૪.૦૬.૨૦૨૪ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૫૨૦/૨૦૨૪ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૧૭૫૭/૨૦૨૩ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | નામ:–મુજીબભાઇ નયીમ કુરેશ<br>ઉંમર:– ૨૪ ધંધોઃ– ડ્રાઈવિંગ<br>સરનામુંઃ–ન્યુ મલીક ટ્રાન્સપોર્ટ,૧૩૩/૨૪૧ ટી.પી.નગર તા.જી. કાનપુર.યુ.પી.<br>મુળ રહે– બીલાપુર ગામ થાણા ભોગનીપુર પો.સ્ટ. અમરોધા. તા. પોખરાયા જી. કાનપુર દેહાત (યુ.પી.) |
| બચાવપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી કે.બી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૧.૦૯.૨૦૨૩ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૧.૦૯.૨૦૨૩ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૧૮.૦૩.૨૦૨૪ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૩૧.૦૭.૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૨૪.૦૬.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૪.૦૬.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

**–:: આરોપીની વિગત ::–**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુજીબભાઇ નચીમ કુરેશ | ૦૧.૦૯.૨૦૨૩ | ૦૧.૦૯.૨૦૨૩ | ઇ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા મો.વ્હી.એ. કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ | નિર્દોષ | – | – |

**–:ચુકાદો:–**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>–**

**(૧)**હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૦૪/૪૫ વાગે મોજે–ચલથાણ ગામની સીમમાં આવેલ રાજહંસ ટ્રાન્સપોર્ટ બિલ્ડીંગ નં બી ગોડાઉનના

પાર્કીંગમાં તા.પસલાણા જી.સુરતમાં આરોપી–મુજીબભાઇ નચીમ કુરેશ ઉંમર:–૨૪ ધંધોઃ– ડ્રાઈવિંગ,સરનામુંઃ–ન્યુ મલીક ટ્રાન્સપોર્ટ,૧૩૩/૨૪૧ ટી.પી.નગર તા.જી. કાનપુર.યુ.પી. મુળ રહે– બીલાપુર ગામ થાણા ભોગનીપુર પો.સ્ટ. અમરોધા. તા. પોખરાયા જી. કાનપુર દેહાત (યુ.પી.)પોતાના કબજાની ટ્રક ચલાક નં. UP–78–GN–6641 ના ચાલકે પોતાની ટ્રક ચાલુ કરી આગળ પાછળ જોયા વગર બેદરકારીથી પોતાની ટ્રક ચલાવી આ કામે મરણ જનાર નામે ચંન્દ્રપાલ લખન યાદવ આવી જતાં તેને પેટના ભાગે ટાયર ચડાવી દેતાં નાક તથા કાનમાંથી લોહી નિકળી ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવી પાછળથી પકડાઇ જઈ ઈ.પી.કોકલમ–૨૭૯,૩૦૪(અ)તથામો.વ્હી.એ.કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને જરૂરી નકલો પૂરી પાડી આરોપીનો ગુના સંબંધે જવાબ આંક–૦૨ થી નોંધતા તેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ</u>–**

**(૨)** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ સાહેદ–ગુલાબભાઇ શીવરામ યાદવને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. તે દિવસે તેઓ તેમના ઘરે હતા ત્યારે રામસીંધભાઇએ તેમને ફોન કરી જણાવેલ કે, તમારા ગામનો મિત્ર ચંન્દ્રપાલ યાદવ રાજહંસ ટ્રાન્સપોર્ટમાં ટ્રકમાંથી માલ ખાલી કરી પાર્કીંગ આગળ સુઇ ગયેલ હતો. ત્યારબાદ સવારે ચંન્દ્રપાલ પાસે જતાં તે પાર્કીંગમાં જમીન ઉપર પડેલો હતો અને તેના પેટ ઉપર ટાયરના નિશાન પડેલા હતા. આ અકસ્માતમાં ચંન્દ્રપાલ મરણ ગયેલ હોવાનું તેમને ફોન

ઉપર જણાવેલ. આ સમાચાર મળતાં તેઓ તલોદરા સીવીલ હોસ્પીટલમાં ચંન્દ્રપાલની લાશનું પી.એમ. થતું હોય ત્યાં ગયેલા. તેમને વાતોવાતોથી જાણવા મળેલ કે, કોઇ ટ્રક ડ્રાઇવરે ચંન્દ્રપાલ પાર્કીગમાં સુતો હતો ત્યાં પોતાની ટ્રક આગળ પાછળ જોયા વગર ચલાવી લેતાં આ અકસ્માત થયેલાનું જાણેલ. આ અકસ્માત કરનાર ટ્રકનો નંબર શું હતો તેનો ડ્રાઇવર કોણ હતો તેની તેમને ખબર નથી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, અકસ્માતની જાણ તેમને ફોન પર થયેલી. અકસ્માત વાળો બનાવ બનતાં તેમણે નજરો નજર જોયેલો નથી.

(૩) ફરિયાદપક્ષે સાહેદ નં.૨–હેમંતભાઇ ઘનશ્યામભાઇ ખેરનારને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૨૩ ની સાલમાં કડોદરા જી.આઇ.ડી.સી. પો.સ્ટે માં અહેકો તરીકે તેમની ફરજ બજાવતા હતા. બનાવ તારીખના રોજ તેઓ પીએસઓ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી રામસીંગ લાલારામ યાદવનાઓએ તેમની રૂબરૂમાં આવી એવી હકીકત લખાવેલ કે બનાવ તારીખના રોજ તેઓ પોતાની ટ્રક નં. યુપી–૭૮–એઇ.ટી.–૮૯૨૩ માં સુતેલા હતા ત્યારે એક ઇસમે આવી ફરીયાદીને જાણ કરેલી કે, ટ્રક નં. યુપી. ૭૮.એફ.એન.૩૭૪૪ નો ચાલક ચંન્દ્રપાલને કંઇક થઇ ગયેલ છે. જેથી ત્યાં જઇને જોતાં ચંન્દ્રપાલ જમીન પર પડેલો હતો અને તેના શરીર ઉપર કોઇ ટ્રકનું ટાયર ચઢી ગયેલાનું જણાતું હતું. ત્યારબાદ પછીથી જાણવા મળેલ કે, ટ્રક નં. યુપી.૭૮.જીએન.૬૬૪૧ નો ચાલક મુજીબ ખાનનાઓએ જયારે ચંન્દ્રપાલ તેની ટ્રક આગળ સુતેલા હતા ત્યારે પોતાની ટ્રક ચાલુ કરી આગળ પાછળ જોયા વગર ચંન્દ્રપાલ ઉપરથી ટ્રક પસાર કરેલાનું જણાયેલ. જે બાબતે ફરીયાદીએ ફરીયાદ હકીકત લખાવતા તેમની ફરીયાદ લખી લઇ તેમાં રૂબરૂમાં સહી લીધેલી.તેમને ફરીયાદ

બતાવવામાં આવે છે. જે ફરીયાદમાં રૂબરૂપણામાં તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદને રજુ દાખલ આંક–૨૪ આપવામાં આવે છે. ત્યારબાદ તેમણે આ ફરીયાદને ગુ.ર.નં. થી દાખલ કરી સદર ગુનાની તપાસ અ.હે.કો. હિતેષભાઇ રામજીભાઇને સોપેલી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, ફરીયાદીની ફરીયાદ લઇ ગુના રજી નંબર દાખલ કર્યા સિવાય તેમણે કોઇ કામગીરીકરેલનથી.

(૪) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩–ત.ક.અ.–હિતેશભાઇ રામજીભાઇ મકવાણાને આંક–૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૨૩ ની સાલમાં કડોદરા જીઆઇડીસી પો.સ્ટેમાં અહેકો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પીએસઓ એ કડોદરા જીઆઇડીસી પો.સ્ટે ગુ.ર.નં. ૧૭૫૭/૨૦૨૩ મુજબના ગુનાની તપાસ તેમને સોપેલી. તેમણે તેમની તપાસમાં પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, ગુજરનાર ચંન્દ્રપાલ યાદવનું ઇન્કવેસ્ટ પંચનામું , અકસ્માતમાં સંડોવાયેલ ટ્રકનું પંચનામું પંચો રૂબરૂ કરી લઇ રૂબરૂપણામાં તેમણે સહી કરેલી. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. તેમણે તેમની તપાસના કામે અકસ્માતવાળી જગ્યાનું એફ.એસ.એલને સાથે રાખી સ્થળ પરીક્ષણ કરાવેલ, અકસ્માતમાં સંડોવાયેલા ટ્રકનું આરટીઓ બારડોલી ખાતે યાંત્રિક પરીક્ષણ કરાવેલ અને ગુજરનારની લાશનું પીએમ તલોદરા પીએચસી ખાતે કરાવી તમામ કાગળો તેમની તપાસના કામે રજુ રાખેલ. આ કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેમણે ચાર્જશીટ કરેલુંચ આ કામના ફરીયાદી રાજય બહારના હોય યોગ્ય શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, કહેવાતા બનાવવાળી જગ્યાએ ટ્રાન્સપોર્ટનું ગોડાઉન હોવાથી ત્યાં ધણા

વાહનોની અવરજવર રહે છે. સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પંચોની તૈયાર કાગળમાં સહી લીધેલી. તથા એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે, સાહેદોના નિવેદનો તેમણે તેમની મરજી મુજબ લખી લીધેલા તથા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

(૫) ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપી સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

(૬) આ કામે ફરિયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ ગુલાબભાઇનાઓને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સદરહુ સાહેદ પોતાની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, અકસ્માતવાળો બનાવ બનતા તેઓએ નજરોનજર જોયેલ નહીં. અકસ્માતની જાણ તેમને ફોનથી થયેલી.આમ, ઉપરોક્ત શાહેદનો પુરાવો જોતા શાહેદે અકસ્માત સમયે આરોપીને અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા જોયેલ નથી. આમ આ સાહેદની જુબાની થકી આરોપીને આ ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો રેર્કડ પર આવવા પામેલ નથી.

(૭) વધુમાં આ કામે આંક–૨૭ થી હેમંતભાઇનાઓને તપાસેલા છે. તેઓએ ફરીયાદીની ફરીયાદ લઇ ગુના રજી નંબર દાખલ કર્યા સિવાય કોઇ કામગીરી કરેલ નથી. તેમજ આ કામે આંક–૩૧ થી ત.ક.અ.ને તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તપાસમાં કરેલ કામગીરીનું વર્ણન કરેલ છે. તેના થકી કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત બહાર આવેલ નથી. તેમજ આ કામે અતિ મહત્વના એવા ફરીયાદી મળી આવેલ નથી. ફરીયાદ પક્ષ ફરીયાદીને રેર્કડ પર લાવી તપાસી શકેલ નથી. આમ આ અકસ્માતવાળો બનાવ નજરે જોનાર કોઇ સાહેદ નથી. કોઇ પણ સાહેદે આરોપીની બેદરકારીના

કારણે આ બનાવ બનેલ છે તેવું જણાવેલ નથી.આમ આ અકસ્માતવાળા બનાવમાં આરોપીને સાંકળી શકાય તેવો કોઈ સબળ પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી.

**(૮)** વધુમાં, હાલના કામે રજૂ ઈન્કવેસ્ટ પંચનામું અને પી.એમ. નોટના આધારે ભોગબનનાર અકસ્માતથી અવસાન પામેલાનું ફલિત થાય છે પરંતુ સદર મૃત્યુ હાલના આરોપીના કોઈ કૃત્યના કારણે થવા પામેલ હોય તેવી હકીકત પુરવાર થયેલ નથી તે સંજોગોમાં પણ ઈ.પી.કો કલમ–૨૭૯,૩૦૪(અ) તથા મો.વ્હી.એ. કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો સાબિત થતો નથી.

**(૯)** સદર કામમાં પ્રાથમિક શાહેદોને તપાસેલ છે. અન્ય શાહેદોને તપાસવાથી કેસના પરિણામને કોઈ અસર થાય તેમ જણાઈ આવતું ન હોય જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ ધ્યાને લેતા વિશેષ નિવેદન લીધા વિના સદર કામનો પુરાવો પૂરો ગણી હુકમ પર લીધેલ.

**(૧૦) આમ, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૦૪ મુજબ ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહિં.**

**(૧૧)** વાહન અકસ્માતને લગતા કેસમાં બેફામપણે એટલે કે, બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તે રીતે બેફામપણે અથવા બેદરકારીપૂર્વક જાહેર રસ્તા ઉપર કોઈ વ્યક્તિ વાહન ચલાવે તેવો પુરાવો આવે તો, ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો પુરવાર થયેલ તેમ ગણી શકાય. વધુમાં, અકસ્માતને લગતા કેસમાં "રેસઈપ્સા લોક્યુટર" નો સિદ્ધાંત લાગુ પડે છે. ક્રિમીનલ ટ્રાયલમાં "રેસઈપ્સા લોક્યુટર" નો સિદ્ધાંત લાગુ પડતો નથી પરંતુ અકસ્માતને લગતા કેસ તે અપવાદમાં ગણાય છે.

તેમજ, નામદાર ઓરિસ્સા વડી અદાલતે **"બદ્રીપ્રસાદ તિવારી વિરુદ્ધ સ્ટેટે "૧૯૯૪ ક્રિ. લો. જ. પેજ નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે, *(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – <u>Mere carelessness of error of judgment, not sufficient</u> - Accident resulting in death Failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.*

વધુમાં, ચુકાદાના પેરા ૫ માં ઠરાવેલ છે કે, *''Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. <u>In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person.</u> <u>For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment.</u> The essential ingredients of Section 279 are :*

*(i) Rash and negligent driving or riding on a public way.*

આમ, આઈ.પી.સી. કલમ–૩૦૪ (ક) અંગે જોવામાં આવે તો કોઈ પણ સાપરાધ મનુષ્યવધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદરકારીભર્યું કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે તેને લગતી જોગવાઈઓ સદર કલમમાં સમાવિષ્ટ છે. તેના તત્ત્વો નીચે મુજબ છે. આઈ.પી.સી. કલમ–૩૦૪ (ક) અંગે જોવામાં આવે તો કોઈ પણ સાપરાધ

મનુષ્યવધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદરકારીભર્યું કૃત્ય કરીને કોઇ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે તેને લગતી જોગવાઇઓ સદર કલમમાં સમાવિષ્ટ છે.

- *The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any conseque.*

આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ તથા ચર્ચેલ ચુકાદા મુજબ તથા ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, તેમજ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ હાલના આરોપીની બેદરાકારીભરી રીતે વાહન ચલાવતા હોવાનું જણાઇ આવતું નથી. આમ, રેસનેસ કે નેગ્લીજન્સના તત્ત્વોનો આ કેસનો પુરાવો જોતા અભાવ જોવા મળે છે. ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચાને ધ્યાને લેતા અકસ્માત થયેલ હોવાનું તેમજ તેમાં ભોગબનનારનું મૃત્યુ થયેલ હોવાનું રેકર્ડ પર પુરવાર થયેલ છે. આ કામે તેમની બેદરકારીનું તત્ત્વ

ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકતો ન હોવાનું મારું માનવું છે. જેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઇએ તેવું મારું માનવું છે. તે સંજોગોમાં આરોપી વિરુદ્ધના તહોમત સબબ રેકર્ડ ઉપર નિઃશંકપણે પુરાવો ઉપલબ્ધ ન હોય ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં, તે આરોપી વિરુદ્ધનું તહોમત પુરવાર કરવા માટે પૂરતો ન હોવાનું જણાય છે. જેથી રજૂ થયેલ સમગ્ર પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોવાનું માની ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી નિર્ણય કરવામાં આવે છે.

**<u>આખરી નિર્ણયઃ</u>–**

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૫૫(૧) હેઠળ ઈ.પી.કો કલમ–૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક) મુજબના રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૨૪, માહેઃ જુન  સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.  ૨૪/૦૬/૨૦૨૬
મુ.પલસાણા.

**(જે.જે. આહુજા)**
જ્યુડિ. મેજિ. ફર્સ્ટ કલાસ, પલસાણા.
U.I.Code No.GJ01436

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | ગુલાબભાઇ શીવરામ યાદવ | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | હેમંતભાઇ ઘનશ્યામભાઇ ખેરનાર | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | હિતેશભાઇ રામજીભાઇ મકવાણા | ત.ક.અ. |

બ. બચાવપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | ––– |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | ––– |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૪ | ફરીયાદ |
| ૨ | ૨૫ | અટક પંચનામું |
| ૩ | ૨૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩ | ૨૭ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ |
| ૪ | ૨૮ | મરણોત્તર પંચનામું |
| ૫ | ૨૯ | પી.એમ.નોટ |

બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

<u>ક. ન્યાયાલય</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

<u>ડ. ભૌતિક પદાર્થ</u>

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | કોઈ પદાર્થ કબજે કરવામાં આવેલ નથી. | – |

તા. ૨૪/૦૬/૨૦૨૬

મુ.પલસાણા.

જે.જે. આહુજા

જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

પલસાણા.